## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વિશ્વભરમાં તણાવ આવે છે
સૂર્યને જયારે તાવ આવે છે.
બેઉ બાજુથી આગ લાગે છે ,
લ્હાવ પાછળ લગાવ આવે છે
કોઈ પથ્થર નથી રે'તો પથ્થર,
જયારે પગમાં પ્રભાવ આવે છે .
બંધ કમરા ઉઘાડી નાખું છું ,
કોઈ નજદીક સાવ આવે છે .

- મહેન્દ્ર જોશી

### પાથેય

- રમેશ ઠક્કર

## સૂર્યને જયારે તાવ આવે ત્યારે...

કલ્પનો એ તો કવિઓનો વૈભવ છે.આપણી નજર સામેથી રોજ હજારો દ્રશ્યો એમ ને એમ સરી જતાં હોય એની કોઇ નોંધ આપણા મનોજગતમાં સચવાતી નથી..કવિ કે લેખક પ્રત્યેક ઘટનાને આગવા અંદાજથી નવાજે છે.એમાં કલ્પનાનો કસબ ઠાલવે છે..એ પછી જે ગૂંથણી રચાય છે એ યાદગાર બની જતી હોય છે..એની પાસે દરેક ચીજનું નિદાન પણ હોય છે. જગતમાં સમસ્યાઓ પારાવાર છે..એની પાછળ જે તણાવની ભરતી આવે છે,એ એક ગંભીર સમસ્યા બની જાય છે..આવું કેમ બનતું હશે ? સર્જક પાસે એનો અફલાતૂન જવાબ છે.એ કહે છે સૂર્યને જયારે તાવ આવે છે ત્યારે જગતમાં તણાવ આવે છે !

આપણને જેમ કેટલાંક સાધનો હાથવગાં હોય છે એમ જ સર્જકતા ધરાવતા લોકોને પ્રતિકો..ઇંગિતો,શબ્દ સજાવટ વગેરે સહજ હોય છે..સામાન્ય આગ અને સંબંધોની આગમાં ફરક હોય છે..કોઇકના માટે સ્નેહભાવ કે આસક્તિનો એહસાસ થવો એ બેઉ તરફથી આગ લાગવા જેવો ઘાટ હોય છે..એનો લ્હાવ હોય એ સ્વાભાવિક ગણાય..એની પાછળ શું હોય એ આપણને સૂઝતું નથી કોઇ કવિ એનો ઉકેલ આપે છે..એ નિદાન કરે છે કે જ્યાં લ્હાવ હોય ત્યાં એની પડખે લગાવ આવીને ઉભો રહી જતો હોય છે !

સ્થુળ લાગતી બાબતોમાં કેટલુંય વિસ્મય ભરેલું પડ્યું હોય છે.પથ્થર જેવો જડ પદાર્થ નદીના કોઇ ખળખળ પ્રવાહના સ્પર્શથી ભીનો બની જાય છે..આપણી જડતા આપણને જકડી રાખતી હોય છે..ખડકની માફક એ આપણો રસ્તો રોકીને બેઠી હોય છે..આપણા મનમાં ગમે તેટલાં અરમાનો હોય પરંતુ જયાં સુધી ચરણોનો ચમત્કાર ના થાય ત્યાં સુધી કોઇ પ્રભાવ આવતો નથી..પ્રભાવક પગલાં થકી જ જડ લાગતા પથ્થરો પણ ગતિશીલ બની જાય છે.

માણસમાત્ર લાગણીનો ભૂખ્યો હોય છે..કોઇ આવીને આપણા ગળામાં ટહુકો મૂકી જાય એવી તીવ્ર ઝંખના સહુ કોઇને હોય છે..આડે દિવસે આપણાં દ્વાર સજ્જડ બિડાયેલી હોય છે. પ્રતિક્ષાનો એક ધરબાયેલો ભાવ આપણા અભાવગ્રસ્ત મનમાં પડેલો જ હોય છે..જાણેઅજાણે આપણે એવી સજ્જતા સાથે જ મનગમતી પળોનો એવો ઇંતજાર કરીએ છીએ કે કોઇ જો આવી જાય તો ભીડાયેલા તમામ દરવાજા ખોલી નાખીએ..એવી નજદીકી એ જ આપણા સહુની અભિપ્સા હોય છે.

# પહેલાં ધોરણથી અંગ્રેજી આવકારવા યોગ્ય છે

**તંત્રીસ્થાનેથી...**


એસએસસી - ધોરણ દસનાં પરિણામ જાહેર થયાં છે. એમાં કેટલાક દૂરગામી સૂચિતાર્થો પ્રગટ થાય છે. જરૂરી નથી કે માતાપિતા બાળકને મોંઘાદાટ ટ્યૂશન કલાસીસમાં પ્રવેશ અપાવી પરીક્ષા માટેની તૈયારી કરાવે તો જ એ સારું પરિણામ લાવી શકે. જો વિદ્યાર્થી અભ્યાસ પરત્વે ગંભીર હશે અને એણે કારકિર્દી બનાવવાનો દૃઢ સંકલ્પ કર્યો હશે તો કુદરત એની વહારે ધાશે. શાકભાજીની કે ચાની લારી વાળા બાપનું સંતાન ૯૫.૦૦ થી ૯૯.૯૯ પરસેન્ટાઈલ લાવી શકે છે તે આ કુદરતી મદદની કરામત છે. શુભ સંકલ્પ હોય અને એની પાછળ પૂરતી મહેનત હોય તો સાધારણ મજૂરનું બાળક પણ બોર્ડના ટોપર્સની યાદીમાં ચમકી શકે છે. ટ્યૂશન કલાસીસ તો વર્તમાન શિક્ષણ જગતનું અનિવાર્ય અનિષ્ટ બની ગયેલ છે. એની સામે સરકાર પણ લાચાર થઈ જાય છે. વિદ્યાનો વેપાર એ આજના જમાનાનું સૌથી ધૃણાસ્પદ કાર્ય ગણાવું જોઈએ. મજબૂર થઈને વાલીઓ આ પાપને પ્રોત્સાહન આપતા રહે છે. આથી સરકારી શાળાઓ સામે ખાનગી શાખાઓ કે જે પોતાના શિક્ષકોને પૂરતો પગાર પણ નથી આપતી અને એમની મજબૂરીનો ગેરલાભ ઉઠાવી પૂરા પગાર પર સહી કરાવી અડધાં પડધાં નાણાં ચૂકવી ઘોર નાણાંકીય ગફલતો કરતી રહે છે તેની વાલીઓ અને વિદ્યાર્થીઓને ગરજ રહ્યા કરે છે. સરકારી શાળાઓ પણ ઉત્તમ શિક્ષણકાર્ય કરી શકે છે અને ઉચ્ચ તથા મધ્યમ વર્ગના સંપન્ન પરિવારો પોતાનાં સંતાનોને આવી સ્કૂલોમાં મોકવામં શ્રેય ગણે છે એવો દાખલો દિલ્હીના શિક્ષણ મોડલમાં જોવા મળે છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે મળેલી વિવિધ રાજયોના શિક્ષણમંત્રીઓની પરિષદમાં પરિષદમાં આદાનપ્રદાન થયું ત્યારે કેન્દ્રના શિક્ષણમંત્રીએ પણ દિલ્હી મોડેલને જ આદર્શ ગણાવીને ન્યાયસંગત અભિગમ અપનાવ્યો હતો. ગુજરાતના ઉત્સાહી શિક્ષણમંત્રી અને દિલ્હીના નાયબ મુખ્યમંત્રી - કમ - શિક્ષણમંત્રી મનીષ સિસોદિયા થોડા દિવસો અગાઉ એકમેકની વિરુદ્ધ કડવાં નિવેદનો કરી ચૂક્યા હતા. મનીષ સિસોદિયાએ શિક્ષણમંત્રીના મતવિસ્તારની સરકારી શાળામાં જ 'દરોડો' પાડીને ગુજરાતની સરકારી શિક્ષણ વ્યવસ્થાની આબરૂનાં કાંકરા કરી નાખેલા, તેમ છતાં આ શિક્ષણ સેમિનારમાં બેઉ મહાનુભાવોએ સદ્‌ગૃહસ્થને શોભે એવું વર્તન દાખવી દાખલો બેસાડ્યો છે. દિલ્હીના શ્રેષ્ઠ શિક્ષણ મોડલનું જે કંઈ ઉત્તમ છે એનો ગુજરાતના તથાકથિક નબળા શિક્ષણ મોડલમાં ઈમાનદારીપૂર્વક અમલ કરાવી આપણે આપણાં બાળકોને એક ઉજ્જવળ ભવિષ્ય આપી શકીએ એમ છીએ. હમણાં જ શિક્ષણમંત્રીએ પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષાની સાથે જ વિશ્વભાષા - અંગ્રેજી શિખવવાનો નિર્ણય જાહેર કરી આપણી કથળી ગયેલી અને અત્રતત્રસર્વત્ર વખોડાતી શિક્ષણ પદ્ધતિને દિલ્હીની ઉત્તમ શિક્ષણ વ્યવસ્થા સાથે 'ઍટ પાર' લાવવાની મંશા વ્યક્ત કરી છે. બાળક શરૂ થી જ એક વધારાની ભાષા તરીકે અંગ્રેજી શીખતું થાય તે હવે સમયની માંગ છે. ગાંધીજીએ અને આપણા તમામ ઉચ્ચ કક્ષાના કેળવણીકારોએ માતૃભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવાની વાત કરી છે તે યોગ્ય છે. બાળકને માતૃભાષામાં જ શિક્ષણ આપવાનું ઉચિત છે તે મુદ્દે સમસ્ત વિશ્વના કેળવણીકારો અને શિક્ષણવિદો સહમત થશે. પરંતુ ગ્લોબલાઈઝેશનના આ યુગમાં અંગ્રેજી વગર ચાલે એમ જ નથી એ કડવી હકીકત હવે માતૃભાષાના કટ્ટર હિમાયતીઓએ પણ સ્વીકારવી જ પડશે. મહાત્મા ગાંધીની માતૃભાષા ભક્તિને સલામ કરીએ, પણ એમના જ અનુયાયીઓ - પંડિત જવાહરલાલ નહેરુ કે સરદાર પટેલ હિંદીનો રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કરાવવામાં નિષ્ફળ ગયા હતા તે ન જ ભૂલવું જોઈએ દેશની રાજધાનીથી લઈ ગુજરાત સિવાય તમામ રાજયોમાં અંગ્રેજીનું મહત્ત્વ અકબંધ રહ્યું છે અને દારૂબંધીની જેમ જ ગુજરાતમાં સરકારી શાળાઓમાં 'અંગ્રજીબંધી' જેવી અધકચરી શિક્ષણનીતિ અપનાવાઈ જેના દુષ્પરિણામો આપણાં વિદ્યાર્થીઓને ભોગવવાં પડ્યાં છે. મગનભાઈ દેસાઈ જેવા પ્રખર કેળવણીકારના વિચાર મુજબ આપણી શાળાઓમાં અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પણ ગુજરાતી માધ્યમ અપનાવાયું હતું. એસએસસી સુધી ગુજરાતી માધ્યમમાં ભણેલ વિદ્યાર્થી જયારે યુનિવર્સિટી કક્ષાએ મેડિકલ કે ઈજનેરી જેવી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવતો હોય છે ત્યારે એને ફરજિયાત અંગ્રેજી માધ્યમ સાથે પનારો પડતો હોય છે. આથી એનું સ્ટ્રેસ વધે છે અને વિચિત્ર પ્રકારની માનસિક તાણનો ભોગ બને છે. ગુજરાત સરકારે છેક પહેલા ધોરણથી જ બાળકને અંગ્રેજી શીખવવાની નીતિ અપનાવીને એક સ્તુત્ય પગલું ભર્યું છે. આજના હરિફાઈના અને ટેકનોલોજીના જમાનાની એ માગ પણ છે. અભિનંદન જિતુભાઈ.

# ગાયક કે.કે.ની અણધારી વિદાય

**મન-રંજન**
**દ્વનિલ પારેખ**



'આવારપન, બંજારાપન, એક બલા હૈ, સીને મેં' - ગીતના ગાયક કે.કે. એ અણધારકી વિદાય લીધી. ફિલ્મ સાથે સંકળાયેલ જાણીતી વ્યકિત અણધારી વિદાય લેતી હોય છે ત્યારે મીડિયા એવું વાતાવરણ ઉભું કરતી હોય છે કે, આ વિદાય રહસ્મય બની જાય છે. ઉપરોક્ત ગીત (ગઝલ) ફિલ્મ 'જિસ્મ'નું છે. બિપાસા બાસુના ઉત્તેજક દશ્યો અને શ્રૈયા ઘોષાલના ગીતોને કારણે ફિલ્મ સફળ થઈ હતી પણ કે.કે.ના અવાજમાં આ ગીતમાંથી જ દર્દ પ્રગટે છે એ એકદમ હૃદયને સ્પર્શી જાય છે. આ ગીતના શબ્દો પણ એટલા જ અદભુત છે. 'સીને મેં' રદીફ રાખીને ભાગ્યે જ હિન્દી સિનેમામાં અને વેસ્ટર્ન સંગીત સાથે ગઝલ કંપોઝ થઈ હશે. અને એ માટે એમ.એમ. ક્રીમને પણ ધન્યવાદ આપવા પડે પણ આજે તો વાત કે.કે.ની ગાયિકની કરવી છે.



ક્રિષ્ના કુમાર કુન્નથ હિન્દી ફિલ્મોમાં કે.કે.ના નામે જાણીતા ૧૯૯૦થી શરૂ કરીને અત્યાર સુધી કે.કે. એ ઘણા અદ્‌ભૂત ગીતો ગાયાં જે આજે પણ ગણગણવા ગમે છે. આવા ગાયકની વિદાય પણ કેવી! કલકત્તામાં એક કોન્સર્ટમાં 'તડપ તડપ કે ઈસ દિલ સે આહ નિકલતી રહી.' હમ દિલ દે ચૂકે સનમનું ગીત ગાતા ગાતા એમની તબિયત બગડી અને દિલમાંથી ખરેખર 'આહ' નીકળી અને એ ઈશ્વરની રાહ થઈ ગઈ ! 'હમ દિલ દે ચૂકે સનમ'નું આ ગીત કે.કે.ની ખરેખર ઓળખ બની રહ્યું જો કે, આ ફિલ્મનાં બધાં જ ગીતો લોકપ્રિય થયાં હતાં. ઈસ્લાઈલ દરબારે જે બે-ત્રણ ફિલ્મોમાં સારું સંગીત આપ્યું હતું એમાં આ ફિલ્મનો પણ સમાવેશ કરવો પડે.
કે.કે. એ હિન્દી ઉપરાંત તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, બંગાળી, અસમિયા અને ગુજરાતી ભાષા માટે ગીતો ગાયા હતા.

'આંખો મેં તેરી અજબ શી અજબ શી' (ઓમ શાંતિ ઓમ), 'ખુદા જાને' (બચના એ હસીનોં), 'પિયા આયે નાં' (આશિકી-૨), છ વખત ફિલ્મ ફેર એવોર્ડ માટે કે.કે.નું નામ નોમિનેટ થયું હતું.

'ખુદા જાને' ગીત માટે સ્ક્રીન એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ફિલ્મ 'ગેંગસ્ટર'નું 'તું હી મેરી શબા હૈ સુબહ હૈ' ગીતને પણ અહીં યાદ કરવુ જોઈએ. એ પણ એક જુદું પડતું ગીત હતું. એ.આર. રહેમાન સાથે પોતાની કારકિર્દીની શરુઆત કરનાર કે.કે.ને એવોર્ડ કે પ્રસિદ્ધિ કદાચ ઓછા મળ્યા હશે પણ એમણે જે ગીતો ગાયા હતા એ તો એકદમ હૃદયસ્પર્શી અને અન્યો કરતાં જુંદા પડતાં હતા. ૫૩ વર્ષની ઉંમરે એ વિદાયની ઉંમર નથી છતાં એક ગાયક માટે ગાતાં ગાતાં વિદાયલેવી એની મોટી વાત કઈ હોઈ શકે! કે.કે.ની વિદાયને રહસ્યમયી નહીં પણ સંગીતમય બનાવીએ !

### દિન મહિમા

- વિશ્વ બ્રેન ટ્યુમર દિન
- વિશ્વ મહાસાગર દિવસ
- ઓલ ઈન્ડિયા રેડિયોનું આકાશવાણી નામથી રેડિયો પ્રસારણ શરૂ થયું.

આજનું
### ઔષધ

- તુવેરના પાન બાળી રાખ બનાવી દહીંમાં મેળવી ચોપડવાથી ખસ મટે છે.

### ખડખડાટ

- તાલાલા ગીરની પ્રખ્યાત ખેરી લીધી હતી કેરીવાળો કહે ત્રણ દિવસ પછી ખાવાની છૂટ... ત્રણના આઠ દિવસ થયા... બે વાર પાકીજા ફિલ્મ બતાવી પણ પાકી જ નહીં....

આજનો
### વોટ્સએપ

- જે વ્યક્તિમાં સત્ય બોલવાની ક્ષમતા વધારે હોય છે તે વ્યક્તિ સૌથી વધારે નફરતને પાત્ર બને છે.

# હાથ ઝાલે નહીં અભણ છે એમ કહી, ને જરાક થાય સ્પર્શને સમજણનો સાગર નીકળે એમ પણ બને

**એમ પણ બને**
**પારૂલ અમિત**



સાગર એટલે ગહેરાઈ વિશાળ ક્યારેક શાંત તો ક્યારેક ઉછળતો મસ્તીખોર.

કહેવાય છે કે દરેક જીવની ઉત્પત્તિ સમુદ્રમાંથી થઈ છે. સમુદ્રની અંદર એક અલગ જ અલાયદી દુનિયા છે. કેટ કેટલા જીવ અને સુંદર વનસ્પતિ હોય છે દરિયાની દુનિયામાં.

આપણા દેશનો દરિયા સાથેનો ઇતિહાસ કંઈક અલગ છે, જે આધ્યાત્મિકતા સાથે સંકળાયેલ છે.

પૃથ્વીના ઉદભવથી લઈને વાત કરીએ તો

સમુદ્ર મંથનની આધ્યાત્મિક વાત આપણા દેશ સાથે સંકળાયેલી છે તો શ્રી કૃષ્ણની દ્વારિકા નગરી પર.

આવો આજે વિશ્વ સમુદ્ર દિવસ માં નાખીએ એક નજર સમુદ્ર મંથન પર.

યુગો પહેલા દેવતાઓ અને દાનવોમાં મતભેદને લીધે શત્રુતા વધી ગઈ.

રોજ બંને પક્ષની વચ્ચે લડાઈ થતી હતી.

ત્યારબાદ ભયભીત થયેલા તેઓ બ્રહ્માજીની પાસે આવ્યાં. બ્રહ્માજીએ તેમને જગદગુરૂની પાસે જઈને પ્રાર્થના કરવા કરી અને સમુદ્ર મંથનની તૈયારી થઇ.

સમુદ્ર મંથનના અંતમાં અમૃત મળશે તેને પીને તમે અમર થવાશે આટલુ કહીને ભગવાન અંતર્ધ્યાન થઈ ગયાં.

પરંતુ જેવું સમુદ્ર મંથન શરૂ થયું કે મદરાંચલ સમુદ્રમાં ડુબવા લાગ્યો તો બધા હેરાન થઈ ગયાં.

ભગવાન વિષ્ણુએ કાચબાનું સ્વરૂપ લઈને મંદરાચલને પોતાની પીઠ પર ઉઠાવી લીધો.

ઘણાં સમય સુધી મથવા છતાં પણ જ્યારે અમૃત ન નીકળ્યું ત્યારે ભગવાને સહસ્ત્રબાહુ થઈને પોતાના બંને હાથ વડે મથવાનું શરૂ કરી દિધું. તે દરમિયાન ભયંકર વિષ નીકળ્યું જેને પીને ભગવાન શીવ નીલકંઠ કહેવાયા.

અને સમુદ્રમાંથી જ આપણને કામધેનું, ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો, ઐરાવત હાથી, કૌસ્તુભ મણિ, કલ્પવૃક્ષ, અપ્સરાઓ, ભગવતી લક્ષ્મી, વારૂણી, ધનુષ, ચંદ્રમા, શંખ, ધંવંતરિ અને અંતે અમૃત નીકળ્યું.

સમુદ્ર સાથે આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક રીતે પણ નાતો રહ્યો છે.

આખે આખો દરિયા જેવો તું,
ને હું જાંજવાના જળ જેવી મીઠી
શું ભળું તારામાં તો પ્રણયની બુંદ બની
તો ટીપું ચાહના તારી મળે?
સંવેદના જો અશ્રુ બની ટપકે તો
શું તારી ખારાશ માં મારું એ વિરહ મળે?
ખુંદી વળે એક એક બુંદ મારી
તો વેદના સઘળી વિશાળ મોજા જેવા
તારા હૈયા માં બળે?
જો અટકે નહીં લાગણીઓ મારી
તો પસાર થયેલીએ ઝાકળબૂંદો વમળ વર્તુળ
ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ થઈ એકમેકમાં ઉછળે?
સૂર્ય મળે સરખો સ્નેહ બની ઉજાસમાં
શું પીગળતો એવો એ સંતાઈ જો જાય તો
શું એ તને મને ચાદર બનાવી પોઢે?
મહાસાગરના નીરમાં ભળતા મારા નિર ને
તારા મોજાની કોઈને ભિન્નતા મળે?

બીજો સમુદ્ર સાથે નો એક કિસ્સો દ્વારકા નગરી સાથે સંકળાયેલો છે.

કહેવાય છે કે સોનાની આખી નગરી દ્વારિકા આજે પણ સમુદ્રમાં સમયેલી છે.

રામાયણમાં પણ રામસેતુ નો ઉલ્લેખ છે જે સમુદ્ર સાથે સંકળાયેલ છે.

જેમાં પણ સમુદ્ર સાથે આખી રામાયણનો એક આખો અધ્યાય સંકળાયેલ છે. સીતા સુધી પહોંચવા માટે શ્રી રામે વાનર સેનાની મદદ થી અરબી સમુદ્રમાં રામ સેતુ પુલ નું નિર્માણ કર્યું હતું.

ચારેય પુરાણોમાં છે ઉલ્લેખ. સ્કંદ પુરાણ, વિષ્ણુ પુરાણ, અગ્નિ પુરાણ અને બ્રહ્મા પુરાણમાં રામસેતુ નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રામસેતુ શ્રીલંકાના મન્નાર ટાપુથી ભારતના રામેશ્વરમ સુધીના ચટ્ટાન ની સાંકળના રૂપમાં છે જે દરિયાની અંદર છે રામસેતુને એડમ્સ બ્રિજ તરીકે પણ ઓળખવામાં આવે છે. કેટલાક પત્થરો આજે પણ અસ્તિત્વમાં છે

શ્રીમદ્ ભાગવત જણાવે છે કે દ્વારકાનું નિર્માણ કરતાં પહેલાં શ્રીકૃષ્ણે સમુદ્રને ૧૨ યોજન જમીન આપવાની અને પાણીને ખસેડી લેવાની વિનંતી કરી.

આથી સાગરદેવે જગ્યા આપી. ત્યાર પછી વિશ્વકર્માજીએ દ્વારકાનું નિર્માણ કર્યું. ભગવાન શ્રીકૃષ્ણે દ્વારકાનગરી વસાવીને તેને પોતાની પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર બનાવ્યું. શ્રીકૃષ્ણના જીવનની ઘણી મહત્ત્વની ઘટનાઓ દ્વારકાનગરીમાં જ બની, જેમ કે રુક્મિણીહરણ તથા વિવાહ, જાંબવતી, રોહિણી, સત્યભામા, કાલિન્દી, મિગવિન્દા, સત્યા, નાગ્નજિતી, સુશીલામાદ્રી, લક્ષ્મણા, દતા સુશલ્યા વગેરે સાથે વિવાહ, નરકાસુરવધ, પ્રાગ્જ્યોતિષપુરવિજય, પારિજાતહરણ, બાણાસુરવિજય, ઉષા-અનિરુદ્ધ વિવાહ, મહાભારત યુદ્ધ સંચાલન, દ્રૌપદીનું ચીરહરણથી રક્ષણ, શિશુપાલવધ વગેરેનો સમાવેશ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં દ્વારકાની ભૌતિક સમૃદ્ધિ સફળતાના શિખરે હતી.

ત્યારબાદ શ્રીકૃષ્ણે દ્વારકાને છોડી દેતાં સમુદ્રનાં પાણી દ્વારકા પર ફરી વળ્યાં. જાણે કે સમુદ્રે આપેલી ભૂમિ પાછી ન લઈ લીધી હોય!

હવે વૈજ્ઞાનિક રીતે જાણીએ તો એક માહિતી અનુસાર આધુનિક વિજ્ઞાનના મતે ત્સુનામી પ્રકારના દરિયાઈ તોફાનોને લીધે અથવા સમુદ્રની જળસપાટીમાં વધારો થવાને લીધે દ્વારકા નગરી દરિયામાં ડૂબી હોવી જોઈએ. ત્યારબાદ પુરાતત્વશાસ્ત્રીઓએ સમુદ્રમાં ઉત્ખનન કરીને જૂની દ્વારકા નગરીના કેટલાંક અવશેષો પણ મેળવ્યા છે.

આમ સમુદ્ર સાથે ભારતનું જોડાણઆધ્યાત્મિક અને વૈજ્ઞાનિક રીતે કંઈક અલગ જ પ્રકારનું છે.

# જાત સાથે વાત જ મુતરડીથી મનમંદિરની યાત્રાની પગદંડી બને છે

**જાત સાથે વાત**
**ધર્મેન્દ્ર ત્રિવેદી**



દરેકના જીવનમાં એકાદી ઘટનાની એવી જરૂર બને કે જેના થકી વ્યક્તિ પોતાની જ ક્રિયા-પ્રક્રિયાઓનો સાક્ષી બનતો થાય. શક્ય છે કે ખુદના જ મનમંદિરના ગર્ભગૃહના દર્શન સુધીની યાત્રા મુતરડી જેવા તુચ્છ સ્થાનથી પણ ચાલુ થાય ! કોલેજ કાળમાં અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો, પરંતુ ગાઈડ્સ અને પેમ્ફલેટ્સ વાંચીને પરીક્ષા આપવાને બદલે અન્ય પુસ્તકોના વાંચનમાંથી સમય મળે તો અભ્યાસક્રમની મૂળ કિતાબો વાંચતો ! દિવાળીના વેકેશનમાં હું વતનમાં સુવર્ણકાળ માણવા અવું. આ કાળમાં મિત્રો સાથે રહેવા અને દિલની ભડાશો કાઢી શકાતી. એ દિવાળીની આગલી રાત્રે અમે ત્રણ ચાર મિત્રો ચાલતા ચાલતા ગામની બહાર રોડ પર નીકળી પડેલાં. ગામ પતે એટલે બંધ પડેલું એરપોર્ટ અને પછી ખેતરો જ ખેતરો. આવા એક દૂરના ખેતરના શેઢે એક કૂવો અને તેના કાંઠે ઘટાદાર પીપળનું વૃક્ષ. અમે કૂવાના થાળામાં બેસીને બીડીઓ પીતાં, ગપાટા મારતા અને અગમ-નિગમની વાતો કરી પોતાને બૌદ્ધિક માનતા !

અંધારું થતાં અમે રિટર્ન જર્ની શરૂ કરી. રસ્તો સૂમસામ અને ખાલી હતો. વાતોમાં શહેરની હદ ક્યારે આવી ગઈ તે ખબર ન રહી. વાતોમાં ને વાતોમાં જ અંધકારમાંથી અજવાળામાં પગ મુકતા જ અચાનક મારી નજર પડી કે કોઈએ કુંડાળામાં કકળાટ કાઢ્યો છે. મારો પગ સીધો એ કુંડાળામાં જ પડવાનો હતો, પરંતુ મારી પોતાની સમજ બહાર જ હું કૂદકો મારીને કુંડાળાને કૂદી ગયો. તે દિવસે કાળી ચૌદશ હતી અને ગૃહિણીઓ તે દિવસે ઘરે વડાં બનાવે અને ચાર રસ્તે પાણીના કુંડાળામાં વડાં મૂકી આવે. દરેક સ્ત્રીના મનમાં આ વડાંની સાથે ઘરનો કકળાટ પણ ઘરની બહાર કાઢવાનો ભાવ હોય. ભારતના રીતિ-રિવાજોની આ સુક્ષ્મ સુંદરતા સમજવા જેવી છે, અને આવી સમૃદ્ધ પરંપરાઓને લીધે જ ભારતીય લોકોને મનોચિકિત્સકની જરૂર ઓછી પડે. પરંપરાનો મૂળ અર્થ ભૂલાઈ જાય અને પ્રક્રિયા જ બચે ત્યારે તે કર્મ-કાંડ બની જાય છે. કકળાટના આ કુંડાળામાં પગ ન પડવો જોઈએ એવે એક માન્યતા દૃઢ બની છે.

મજાની વાત એ છે કે મને યાદ પણ નહોતું કે આજે ચૌદશ છે. કકળાટના કુંડાળામાં પગ પડવાના વિપરિત પરિણામોની શંકા મારા અંતરમનમાં એટલી તો ઘર કરી ગયેલી કે પગ કુંડાળામાં પડે તેના પહેલાં જ બે-પાંચ સેકન્ડમાં આખી પ્રોસેસ થઈ ગઈ કે કુંડાળામાં પગ પડવો ન જોઈએ ! આ જ બે-પાંચ સેકન્ડમાં મને તેની પ્રતિક્રિયારૂપે અસાધારણ નિર્ણય લઈને શરીરને આટલા મોટા કુંડાળાને કૂદી જવાની પ્રતિક્રિયા પણ આપી. આવું કન્ડિશનિંગ મનની અંદર ઊંડે ઊંડેથી સપાટી પર આવી વાસ્તવિકતામાં પરિણામો આપી શકે છે. કુંડાળુ ઓળંગીને હું થોડા ડગલાં આગળ જઈને ઊભો રહી ગયો. સૌના આશ્ચર્ય વચ્ચે ફરીથી એ જ કુંડાળામાં જઈને ઊભો રહ્યો અને બે ત્રણ વાર કુધો. મિત્રો આશ્ચર્યથી મારી સામે જોઈ રહ્યા. પછી મેં એમને મારું નિરીક્ષણ સમજાવ્યું. પોતાના જ મનની આંટીઘૂંટીઓ સમજવાની મથામણની કદાચ આ શરૂઆત હશે.

ભારત દર્શનનો દેશ છે. જીવન દર્શન હોય કે તત્ત્વદર્શન, જરૂરી નથી કે તમે સંત હો તો જ દાર્શનિક હો. ફિલસૂફો અને આમ આદમી વચ્ચે ફર્ક તો માત્ર નજરિયાનો, સમજણને વ્યાવહારિક જીવનમાં અમલમાં મૂકવાનો જ હોય છે. આપણે શરીર સાથે એવા તો વણાઈ ગયા છીએ કે આપણા જ શરીરના ચાલક એવા સૂક્ષ્મ મનની વાતો પ્રત્યે બહેરા બની ગયા છીએ. જીવનની નાની નાની બાબતો પાછળ ગહન રહસ્યો છૂપાયેલા હોય, તેમને સમજવા, બીજાના અને પોતાના વર્તનો, વિચારોને જોવા, સમજવા અને તટસ્થ રીતે મૂલવવાં પડે. દર્શન બે રીતે થાય, બાહ્યદર્શન અને આંતરિક દર્શન.

આપણું જ મન કેટલીયે બાબતોમાં આપણી સાથે જ રમતો રમતું હોય છે એ કદી આપણને સમજાયું જ નથી. કારણ કે આપણે જીવતા-જાગતા મનુષ્યને બદલે માત્ર એક ઘરેડ નામના ઓટોમેશનથી ચાલતા યંત્ર જેવા બની ગયા છીએ. અંતે આવી જ એક હળવી ઘટનાનો ગહન અર્થ સમજવા પ્રયત્ન કરીએ. મુતરડીની મુલાકાત જેવી તુચ્છ ઘટનાને વ્યક્તિના અંતરમનમાં ઘડાતા કન્ડિશનિંગ સાથે લેવા દેવા હોઈ શકે ? ના, કારણ કે આપણે આવી નાની વારંવાર બનતી ઘટનાઓને નજરઅંદાજ જ કરી દઈએ છીએ. આપણે જે મુતરડીમાં વારંવાર જવાનું બનતું હોય ત્યાં બનતી એક વણનોંધી ઘટના સમજવા જેવી છે. કોઈ પણ યુરિનલમાં પ્રથમવાર ગયા હોઈએ અને જે ટબ સામે ઊભા રહીને રાહત અનુભવી હોય, તો જ્યારે તમે એ જ યુરિનલમાં બીજી વાર જશો ત્યારે તમારા પગ આપોઆપ તમને એ જ ટબ પાસે લઈ જશે. જ્યાં તમે પહેલી વાર ઊભા હતા !

સવારે સાંજ સુધી કોઈ અજ્ઞાત સોફ્ટવેર આપણું સંચાલન કરતું હોય છે. જરા મગજ પર ભાર આપીને વિચાર કરો કે છેલ્લે તમને ક્યારે વિચાર આવેલો કે સવાર પડે છે, સૂરજદાદા ઊગે છે, સાંજ પડતાં તે ઓછેરો કેસરી રંગ ધારણ કરે છે. આ દૈનિક ચક્ર દરમિયાન આપણી સાથે કેટકેટલી ઘટનાઓ ઘટે છે, પરંતુ આમાંની એક પણ ઘટના તમારા ચિત્તતંત્રને સ્પર્શતી નથી, હચમચાવી શકતી નથી. દરિયાના પરવાળા જેવી ડિઝાઈન વાળા આપણા જ ભૌતિક મગજની અંદર ચાલતી ઓટોમેશનની પ્રક્રિયાના ગુલામ બની ગયા છીએ. એકવાર તો અંદરની આંખને ઉઘડવા દો ! આપણે સવારથી રાત્રે સૂતી વખત સુધી બહારની દુનિયાને જોઈ, સમજી, આપણી અનુકૂળતા મુજબ મૂલવીએ છીએ, પણ ખુદની અંદર થઈ રહેલી ક્રિયા-પ્રક્રિયાઓ અને તેના આધારે થયેલા વવર્તન તરફ દૃષ્ટિપાત કરતા થઈશું તો આપણી અંદર રહેલો દાર્શનિક વેંત છેટો જ છે.

**હેન્ડબ્રેક :**
આત્મ નિરિક્ષણ જ આત્મપરિવર્તનનું
અને અંતે જાગૃતિનું માધ્યમ બને છે.

- ગુર્જીએફ
-૯૯૭૮૪૦૫૯૬૭
djtrivedi@gmail.com